# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 04 ❖ Issue : 09 ❖ Pages : 48 ❖ March 2025 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**
**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## ઝાલાવાડ સ્નેહમિલન

શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
Shree Zalawad Jain S. M. P. Sangh - Mumbai
ESTD. 1911

## વિશિષ્ટ પદપ્રદાન સમારોહ

## પદપ્રદાન સમારોહ વિશેષાંક

### શ્રી સંઘ દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ વ્યક્તિ વિશેષ પ્રતિભાશાળી શ્રેષ્ઠીઓ




**આપણું વતન ઝાલાવાડ. વ્હાલું વતન ઝાલાવાડ. સમૃધ્ધ વતન ઝાલાવાડ.**

શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
Shree Zalawad Jain S. M. P. Sangh - Mumbai
ESTD. 1911

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઇ

## સ્નેહ મિલન - એવોર્ડ પદ પ્રદાન સમારંભ તા. ૦૯/૦૨/૨૦૨૫ રવિવાર

### સ્નેહ મિલન - પદ પ્રદાન સમારંભ ના આધારસ્થંભ

**સમાજરત્ન શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર**
દાતાશ્રી

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ**
ભૂ.પૂ.પ્રમુખ - શ્રીસંઘ - દાતાશ્રી

**સમાજરત્ન શ્રી ચિનુભાઇ હીંમતલાલ શાહ**
ભૂ.પૂ.ટ્રસ્ટી શ્રી સંઘ / ચેરમેન એમીરેટસ ફાઉન્ડેશન

**સમાજગૌરવ શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ**
ભૂ.પૂ.ટ્રસ્ટી - શ્રી સંઘ

**શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ**
પ્રમુખ - શ્રી સંઘ

**શ્રી વિનોદભાઇ તારાચંદ શેઠ**
ચેરમેન - ફાઉન્ડેશન, ગ્લોબલ ચે. ટ્રસ્ટ

**શ્રીમતી શારદાબેન કિશોરભાઈ શાહ**
દાતાશ્રી

**શ્રી કિરીટભાઇ રતનશી શાહ**
ટ્રસ્ટી - શ્રી સંઘ

**શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ**
ટ્રસ્ટી - શ્રી સંઘ

**શ્રી વિરેન્દ્રભાઇ જયંતીલાલ કોઠારી**
દાતાશ્રી

**શ્રી અરવિંદભાઈ કાંતીલાલ શાહ**
(I.P.P.) - શ્રી સંઘ

**શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ**
ઉપપ્રમુખ - શ્રી સંઘ

**શ્રી હર્ષદભાઇ દીપચંદ શાહ**
વાઈસ ચેરમેન - ફાઉન્ડેશન

**શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ**
વાઈસ ચેરમેન - ફાઉન્ડેશન

**શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ**
ઝેડ.બી.એફ. - વા.ચેરમેન
ખજાનચી - ફાઉન્ડેશન / મંત્રી - ગ્લો.ચે.ટ્રસ્ટ

**શ્રી બટુકભાઇ પોપટલાલ શાહ**
દાતાશ્રી

**શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ**
દાતાશ્રી

**શ્રી રસીકલાલ નાગરદાસ કોઠારી**
ભૂ.પૂ.ટ્રસ્ટીશ્રી - દાતાશ્રી

**શ્રી ગુણવંતલાલ કાંતીલાલ શાહ**
દાતાશ્રી

**શ્રી સી. એમ. ગાંધી**
દાતાશ્રી

**માતુશ્રી લલિતાબેન તારાચંદ શેઠ**
(હ. હસમુખભાઈ શેઠ) દાતાશ્રી

**શ્રીમતી લીલાવતીબેન પદમશી શાહ**
(હ. રાજેન્દ્રભાઇ) દાતાશ્રી

**શ્રીમતી જશુમતીબેન નગીનદાસ શાહ**
(હ. જયેશભાઇ) દાતાશ્રી

**શ્રી અતુલભાઈ રમણીકલાલ પરીખ**
દાતાશ્રી

**શ્રી મહેન્દ્રભાઈ ખીમચંદભાઈ શાહ**
દાતાશ્રી

### પરા મંડળો

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ**
સાયન - માટુંગા - વડાલા - દાદર

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ** - વિલેપાર્લા

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ** - અંધેરી

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મિત્રસમાજ** - ગોરેગાંવ

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ** - મલાડ

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ** - બોરીવલી

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ** - મુલુંડ

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ**-સાઉથ મુંબઇ

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ** - ઘાટકોપર

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**

**સમાજરત્ન**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ

**સમાજગૌરવ**

IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ

ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ

ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ

મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા

સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ

ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ

સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ

P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

**ટ્રસ્ટીશ્રીઓ**

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

**તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ**
**પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ**

**રજી. ઓફીસ**

શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે, ૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

વહીવટી ઓફીસ : ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**

**ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮**

**ઝાલાવાડ જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮**

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂ.૩/-

**Email :**
**zalawadjainsangh@gmail.com**

**Website :**
**www.zalawadjainsangh.org**

# તંત્રી સ્થાનેથી....

આ માસની આ પત્રિકાનો આ એક ''સ્નેહમિલન-પદપ્રદાન સમારોહ વિશેષાંક'' બનાવવામાં આવેલ છે. આ વિશેષાંક આપ સૌ વાંચકોના હાથમાં આવશે ત્યારે આ સમગ્ર પ્રસંગ આપણા શ્રી ઝાલાવાડ સંઘનાં ઈતિહાસમાં **''એક પાનું સુવર્ણ અક્ષર''** થી અંકિત થઈને હંમેશ માટે યાદગાર બની રહેશે. ૨૦૦૬ એટલે કે ૨૦ વર્ષ પછી ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ની શુભપ્રભાતે આપણા સમાજના સેવાર્થી એવા **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહને 'સમાજરત્ન', શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહને 'સમાજગૌરવ' અને શ્રી કિશોરભાઈ નંદલાલ શાહને 'સમાજવિભૂષણ'** થી નવાજવામાં આવ્યા હતા. આ ત્રણેય વ્યક્તિ વિશેષ પ્રતિભાઓએ તેમના જીવનનાં કિંમતી વર્ષો સમાજ માટે તન, મન અને ધનથી સમર્પિત ભાવે અર્પણ કરેલ છે. આ વિભૂતિઓમાં શ્રી કિશોરભાઈ નંદલાલ શાહનું પદપ્રદાન તેમના પરિવારજનોને અર્પણ કરવામાં આવેલ. આ સ્નેહમિલન પદપ્રદાન સમારોહમાં સમાજના અગ્રગણ્ય, લબ્ધ પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓ, મહાનુભાવોની ઉપસ્થિતિમાં પદપ્રદાન અર્પણ કરવામાં આવતા એક ખૂબ જ ઉત્સાહ – ઉમંગ ભર્યો માહોલ બન્યો હતો. ઘણાં લાંબા સમયનાં ગાળા બાદ ઝાલાવાડ સંઘ સમાજનાં આંગણે આ પ્રસંગ આવ્યો હતો. તેની યાદગીરી રૂપે આ પત્રિકા અંકને વિશેષ વિશેષાંક રૂપે પ્રકાશિત કરવામાં આવેલ છે.

ઝાલાવાડ સંઘ પુરસ્કૃત વિશિષ્ટ પદ પ્રદાન સમારોહની ભવ્ય સફળતા રૂપે આજે આ વિશેષાંક પ્રકાશિત કરતા એક તંત્રી તરીકે, એક મંત્રી તરીકે હૃદય ભાવ વ્યકત કરવાની મારી ઈચ્છાને હુ રોકી શકતો નથી. આ પ્રસંગની ઘણી બધી જવાબદારીઓ સાથે સંકળાયેલો રહયો છું. તેમજ શ્રી સંઘે મારા ઉપર જે વિશ્વાસ વ્યકત કરેલ છે તે શ્રી સંઘ સાથે લગભગ છેલ્લા ૨૦ વર્ષથી મે મારા અંતર મનથી, એક લાગણીથી જોડાઈને સંઘ ભાવનાથી કામ કરેલ તે મારા કાર્યો અને મારી નિષ્ઠા ઉપરનો આ વિશ્વાસ છે. અને આ વિશ્વાસને સાર્થક કરવાનાં મારા સઘન પ્રયત્નો રહયાં છે. સમાજનાં આવા મોટા આયોજનોનાં કોઈપણ કાર્ય કોઈ એક વ્યક્તિ પાર પાડી ન શકે. બધાનો સાથ સહકાર મળે છે ત્યારે જ સફળતા મળે છે. મને ખૂબ બધાનો સાથ સહકાર મળ્યો છે. કોને કોને યાદ કરીને તેઓનાં નામો સંબોધિત કરીને તેઓ સર્વેનો આભાર વ્યકત કરૂં ! કોઈ એકનું નામ લઉ અને અન્યને ભૂલી જાઉ તો હુ જ વેદના અનુભવુ. પરંતુ તેમ છતા હુ મારી લાગણી વ્યકત કર્યા વગર શૂન્યતા અનુભવુ છું. મને મારા કાર્યો સફળ કરવામાં આદરણીય શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ અને આદરણીય શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહનો ખૂબ જ ઉત્કૃષ્ટ સાથ મળ્યો છે. ખૂબ જ ઉત્કૃષ્ટ સહયોગ મળ્યો છે. આથી જ મને હમેંશા ઉત્સાહ અને પ્રેરણા તેઓ તરફથી મળતા રહયાં છે. અમારી આયોજન કમીટીમાં શ્રી અરવિંદભાઈ શાહ, શ્રી કિરણભાઈ શાહ અને શ્રી દિપકભાઈ ગાંધીનો ખુબજ મજબૂત સહયોગ રહયો છે. છેલ્લા બે ત્રણ મહિનાથી શ્રી મિતેશભાઈ શાહ, શ્રી દિપકભાઈ ગાંધી, શ્રી ઉપેન્દ્રભાઈ શાહ સાથે સતત અમારી રૂબરૂ કે ટેલિફોનીક મીટીંગો આ સમારોહ કાર્યક્રમનાં અનુસંધાનમાં રહેતી હતી. ખાસ કરીને સોવિનીયર (સ્મરણિકા) તેમજ આ માસની પત્રિકાનો વિશેષાંક પ્રકાશિત કરવામાં પત્રિકાનાં પૂર્વ સંપાદક શ્રી ઉપેન્દ્રભાઈ શાહ અને સ્ટાફમાં શ્રી ભુપાલભાઈ કાર્કી, શ્રી હિતેશભાઈ ખારવાનાં ઉલ્લેખનીય સાથ, સહકાર અને સહયોગે આ બન્ને અંકો ખૂબ જ સરસ અને સુંદર પ્રકાશિત કરવામાં સફળ રહયાં છીએ.

## શું વાંચશો..? આ અંકમાં...


★ પદપ્રદાન સમારોહ ફોટા અને અહેવાલ ★ પદપ્રદાન સમારોહમાં દાતાશ્રીઓના દાનના વચનોની યાદી ★ પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓનો પ્રતિસાદ ★ પ્રેક્ષકોનો પ્રતિસાદ ★ પદપ્રદાન સમારોહના આધારસ્થંભ દાતાઓની યાદી ★ પદપ્રદાન-સ્નેહમિલન આયોજન સમિતી ફોટા તથા પેટા કમીટી સભ્યોના નામ ★ જ્યુરી કમીટી ★ જન્મદિવસ-લગ્નદિવસની શુભેચ્છા ★ સુધારો : ચૈત્રમાસ ઓળીના દાતાઓ ★ ચાતુર્માસ પેકેજ ★ સગપણ બાયોડેટા ★ શ્રધ્ધાંજલી : શ્રી રસિકલાલ પ્રેમચંદ શાહ અને ધીરૂભાઈ છત્રીવાળા

# પદ પ્રદાન સમારોહ આયોજન કમીટી દ્વારા ઋણ સ્વીકાર













શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ પદપ્રદાન સ્નેહમિલન સમારોહનું આયોજન નક્કી થયું તે દિવસથી આ સમારોહને આયોજનબદ્ધ, સુનિયોજીત, શિસ્ત સાથે થાય અને આમંત્રિત મહેમાનો, સમાજના અગ્રગણ્યો, શ્રેષ્ઠીઓ કહે કે 'એક યાદગાર પ્રસંગ ઉજવાયો' આવનારા વર્ષોમાં ઉપસ્થિત રહેલ મહાનુભાવોનાં સ્મરણમાં રહે, ઉપરોક્ત સર્વે બાબતોને ધ્યાનમાં રાખતા ટ્રસ્ટી – હોદ્દેદારો અને કમીટી સભ્યોએ અમારામાં વિશ્વાસ મૂકી અને આ સમારોહની આયોજન સમીતીની નિમણુંક કરેલ હતી.

આવા જહેમતભર્યો અને મોટા કાર્યક્રમના આયોજનની તક આપીને જે અમારા માટે યશ મળે તેવો ગણાય પરંતુ આ કાર્ય ઘણુંજ ખંતભર્યુ હતું. ઘણાંજ સંશય અને અવઢવમાં સફળ થઈ શકશું કે નહીં? પરંતુ વડીલોના માર્ગદર્શન, પીઠબળ, સલાહ–સૂચન લેતા આગળ વધતા ગયા. વારંવાર મીટીંગો કરી અને દરેક બાબતોમાં નિર્ણય લઈ નક્કી કરતા પહેલા બધાનો અભિપ્રાય લેતા ગયા, શ્રી સંઘના ટ્રસ્ટીશ્રી અને હોદ્દેદારો અને કમીટી સભ્યોએ મુકેલા વિશ્વાસમાં પાર ઉતરવા સતત મળતા રહ્યા. તેમાં વિશેષ કરીને વિવિધ દશ પેટા કમીટીઓના સભ્યોને જે જવાબદારી સોંપવામાં આવી તે સર્વેએ સંપૂર્ણ સમર્પિત થઈ નિભાવી. ત્યારે જ આવનાર અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ, મહેમાનોના ઉદગારો હતા 'અભૂતપૂર્વ અને અદ્‌ભુત ઝાલાવાડમાં પ્રથમવાર આવો કાર્યક્રમ માણ્યો' આ બધાજ વાક્યો અમારા સાથી કાર્યકર્તા, પેટા કમીટીના સભ્યોના પુરૂષાર્થ થકી થયેલ છે.

શ્રી સંઘ સંચાલકોના વિશ્વાસને યથાર્થ પૂરવાર કરવામાં સંઘ કમીટી સભ્યો, પેટા કમીટી સભ્યો, યુવા મંડળના હોદ્દેદારો અને કમીટી સભ્યોનો સુંદર સાથ–સહકારને આભારી છે. આ કાર્યક્રમની સફળતાના અભિનંદનના સાચા અધિકારી તો તેઓ જ છે. જેઓએ નિષ્ઠાપૂર્વક સેવા–સાથ–સહકાર આપ્યા. તેમજ નામી–અનામી દરેક સભ્યોએ અમે આપેલ સૂચનાઓનો ચુસ્તપણે પાલન કરી અમલ કરેલ, તે દરેક સભ્યોનો હૃદયપૂર્વક આભાર સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

આ સંપૂર્ણ સમારંભના આયોજન દરમિયાન ખૂબજ સંયમ સાથે કાર્ય કરવાની મહેચ્છાથી પ્રયત્નશીલ રહ્યા હતા. તેમ છતાં જાણતા કે અજાણતા અમારાથી કોઈપણ સાથે અવિવેક થયો હોય, કોઈપણની લાગણી ને ઠેસ પહોંચી હોય તો સર્વેને ક્ષમા પ્રાર્થીએ છીએ.

લી.: સ્નેહમિલન પદપ્રદાન આયોજન કમીટી

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઇ

## સ્નેહ મિલન - એવોર્ડ પદ પ્રદાન સમારંભમાં મળેલ દાતાશ્રીઓની યાદી



રૂા.૩૧ લાખ
સમાજરત્ન શ્રી દિલીપભાઈ
ખીમચંદ શાહ તરફથી
ખેરવા - માટુંગા



રૂા.૧૮ લાખ
સમાજગૌરવ શ્રી અરવિંદભાઈ
કાંતીલાલ શાહ તરફથી
ધોલેરા - બોરીવલી

| રૂા. (લાખ) | દાતાશ્રીનું નામ |
|---|---|
| ૦૫ | સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ-રામપુરા ભંકોડા - વાલકેશ્વર |
| ૦૫ | શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ - ચુડા - જુહુ - વિલેપાર્લા |
| ૦૫ | શ્રી કિરીટભાઈ રતનસી શાહ - ધોલેરા - મુલુંડ |
| ૦૫ | સમાજરત્ન શ્રી દિલીપભાઈ કે.શાહના ભાઈઓ / કુટુંબીજનો - મુંબઈ |
| ૦૫ | શ્રી સી. એમ. ગાંધી પરિવાર - બોટાદ - માટુંગા |
| ૦૫ | ઝાલાવાડ સમાજ - ઈંડિયા - અંધેરી |
| ૦૫ | શ્રી બટુકભાઈ પોપટલાલ શાહ - ચોટીલા - મુલુંડ |
| ૦૫ | શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ - લીંબડી - નેપયન્સી રોડ |
| ૦૫ | શ્રી પ્રવીણભાઈ ચંદુલાલ શાહ - રામપુરા ભંકોડા - અંધેરી |

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઇ

**સ્નેહ મિલન - એવોર્ડ પદ પ્રદાન સમારંભ તા. ૦૯/૦૨/૨૦૨૫ રવિવાર**

**સ્નેહ મિલન - પદ પ્રદાન સમારંભ ફંડ રેઈઝીંગ કમીટી**



શ્રી વિનોદભાઈ ટી. શેઠ

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ દ્વારા આયોજીત પદપ્રદાન સ્નેહમિલન સમારોહને સફળ અને એક યાદગાર પ્રસંગ બનાવવા માટે શ્રી સંઘના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો અને કમીટી સભ્યોની મીટીંગમાં એક ફંડ રેઈઝીંગ કમીટીની રચના કરવામાં આવેલ હતી. જેના કન્વીનર તરીકે ઝાલાવાડ ફાઉન્ડેશન અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠની નિમણૂંક કરવામાં આવી હતી.

શ્રી સંઘની કારોબારીની મીટીંગમાં અલગ-અલગ અભિપ્રાયો આવેલ અને ઘણી બધી બાબતોના વિચાર-વિમર્શ બાદ એક આધારસ્થંભ યોજના બનાવવામાં આવી હતી. શ્રી વિનોદભાઈ શેઠની દરખાસ્ત પર સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ કે સમાજનાં શ્રેષ્ઠીવર્ય, અગ્રગણ્ય દાનવીર દાતાઓ રૂા. એક લાખ આપી આ આયોજનમાં તેમનું યોગદાન આપે. લાંબા સમય બાદ આવતા આ કાર્યક્રમમાં જોડાય અને એ પ્રકારનો અહેસાસ સાથે સંતોષ થાય કે આ યાદગાર પદપ્રદાન અને સ્નેહમિલન સમારોહનો હું પણ એક હિસ્સેદાર હતો. આ દરખાસ્ત પર સર્વ સંમતિ મળી અને સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠી દાતાઓએ આર્થિક યોગદાનની વચનપૂર્તિ કરી. આ યોજનાના આધારસ્થંભ બન્યા હતા.

આ કાર્યક્રમને ભવ્યાતિભવ્ય, યાદગાર અને ઐતિહાસિક કરવા વિશેષ ખર્ચને પહોંચી વળવા આર્થિક યોગદાન મેળવવા આપણા પરા મંડળો રૂા. એક લાખ આપી આધારસ્થંભ યોજનાના હિસ્સેદાર તેવી રજૂઆતના સમયે જ અને તે જ મીટીંગમાં ઉપસ્થિત પરા મંડળનાં પદાધિકારીઓએ સંમતિ સાથે રૂા. એક લાખની આધારસ્થંભ યોજનામાં સહયોગી બન્યા હતા. ફંડ રેઈઝીંગનાં કન્વીનર શ્રી વિનોદભાઈ ટી. શેઠની દરખાસ્તને વધાવી આપણા આધારસ્થંભ સમા પરા વિભાગનાં નવ મંડળોઓએ આર્થિક યોગદાનના વચનો આપ્યા હતા.

આ પ્રમાણે આ સ્નેહમિલન પદપ્રદાન સમારોહને આર્થિક સિંચન પુરૂ પાડી કાર્યક્રમને સફળ બનાવવા સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠીઓએ આગળ આવી સંમતિ સાથે વચનપૂર્તિ કરી હતી. ક્યારેક જ થતા આવા ઐતિહાસિક અને યાદગાર પદપ્રદાન સમારોહનું સફળતાપૂર્વક આયોજન ત્યારે જ શક્ય બની શકે છે અને જેનો શ્રેય તેઓને જાય છે. દરેક દાતાશ્રી અને પરા મંડળના પદાધિકારીઓએ હિસ્સેદાર બનવા ત્વરિત નિર્ણય લઈને સંમતિ આપી.

આ સ્નેહમિલન - પદપ્રદાન સમારોહના આધારસ્થંભના સહયોગીઓની યાદી આ પત્રિકાના અન્ય પેઈજ ઉપર જણાવેલ છે.

આ બાબતમાં ખાસ કરીને એટલું ચોક્કસ કહીશ કે ફંડ રેઈઝીંગ કમીટીના સભ્યોમાં પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ, I.P.P. શ્રી અરવિંદભાઈ શાહ અને સર્વે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો અને પરા મંડળો વગેરે શ્રી સંઘના આવા યાદગાર કાર્યક્રમને આર્થિક યોગદાન આપી સફળ બનાવ્યો છે. તેના સાચા હકદાર તેઓશ્રી અને પરા મંડળો છે. તે સર્વેનો હૃદયપૂર્વક આભાર માનું છું.


**કન્વીનર - ફંડ રેઈઝીંગ કમીટી**

સેવાતણો પંથ કાંઈ સહેલો નથી...તો કાંઈ એટલો અઘરો પણ નથી
રોપી તો જુઓ સેવાતણા બીજ...મહેંકી ઉઠશે પુણ્ય તણી સુવાસ

# સમાજ રત્ન....સમાજ ગૌરવ....સમાજ વિભૂષણ


# ઝાલાવાડ સંઘ પુરસ્કૃત સેવાભાવિ વિભૂતિઓનું ભવ્ય સન્માન





શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈનાં ઈતિહાસમાં તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ રવિવારનો દિવસ સુવર્ણ પળોની, સુવર્ણ સ્પર્શના સમો ઉજળો સોનેરી દિવસ બની રહયો હતો. સમાજ માટે સમર્પિત બની સમાજ વિકાસ અને સમાજ ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ રહેતા વ્યક્તિ વિશેષ પ્રતિભાઓની ઘણા વર્ષોની બૃહદ બહુમૂલ્ય અનુપમ સેવાઓ...સહયોગ...અને યોગદાનને બિરદાવવા માટેની સમાજનાં દરેક વ્યક્તિઓની ઉદ્દાત ભાવનાઓનો આ એક આગવો વિશિષ્ટ અવસર રહયો હતો. આ અવસરને ખૂબ જ સુદર, સરસ અને ઉજળો બનાવવા માટે સૌના મનમાં અને સૌના દિલમાં એક અદ્‌ભુત ઉમંગ અને ઉત્સાહ તરવરતા હતા.

ઝાલાવાડ સંઘ મુંબઈનાં ૧૦૦ વર્ષ, શતાબ્દી વર્ષની સુવર્ણ સફરનાં મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી સં. ૨૦૬૮માં ખૂબ જ ઉત્સાહભેર કરવામાં આવી હતી. ત્યારબાદ છેલ્લા થોડા વરસો પછી આવા કોઈ સ્નેહમિલન સમા પ્રસંગનું આયોજન થાય તેવી આપણા સમાજનાં સભ્યજનો ભાવના ભાવતા હતા. શ્રી સંઘની **સમૃદ્ધિભરી સફળતાનાં ૧૧૩ વર્ષની સોનેરી સફર**ની ઉજવણી સ્વરૂપ શ્રી સંઘ દ્વારા **સ્નેહમિલન** સહ **વ્યક્તિ વિશેષ પ્રતિભાઓને પદ પ્રદાન**થી સન્માનિત કરી પુરસ્કૃત કરવાના આયોજન રૂપે તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ રવિવારનાં રોજ **સ્નેહમિલન વિશિષ્ટ પદ પ્રદાન સમારોહ**નું સફળ આયોજન કરવામા આવ્યુ હતુ.



આપણા શ્રી ઝાલાવાડ સંઘ સમાજમાંથી વ્યક્તિ વિશેષ પ્રતિભાઓને વિશિષ્ટ પદ પ્રદાનથી પુરસ્કૃત કરવા માટે આવેલા નામોમાંથી **પદ પ્રદાન જ્યુરી કમીટી**નાં સભ્યોનાં એકમત અને એક નિર્ણયએ **સમાજ રત્ન** માટે **શ્રીયુત દિલીપભાઈ ખીમચંદ શાહ** તથા **સમાજ ગૌરવ** માટે **શ્રીયુત અરવિંદભાઈ કાંતિલાલ શાહ** તેમજ **સમાજ વિભૂષણ** માટે **શ્રીયુત કિશોરભાઈ નંદલાલ શાહ**ની સર્વાનુમતે પંસદગી કરવામાં આવેલ. તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ રવિવારની તાજગીભરી ખૂશનુમા સવારમાં બ્રહ્મા - મહેશ ગ્રાઉન્ડ, બાંગુર સ્પોટર્સ કોમ્પલેક્ષ, ગોરેગાંવ વેસ્ટમાં આપણા ઝાલાવાડ સંઘનાં સભ્ય પરિવારજનો, ઝાલાવાડ સમાજનાં અગ્રગણ્યો, શ્રેષ્ઠીઓ, આમંત્રિતો, મહાનુભાવો વગેરે ઉમંગ ઉત્સાહભેર પધારી રહયાં હતા. પધારી રહેલ સૌને ઘાટકોપર મંડળની યુવા ટીમ આદરભાવ સાથે સૌને આવકાર આપતી હતી.

સમારોહનાં સફળ ઉદ્‌ઘોષક **શ્રી હિમાંશુભાઈ શાહ**એ પ્રસંગોચિત્ત પ્રારંભિક પ્રસ્તાવના રજૂ કરતા ઝાલાવાડ સંઘનાં સુંદર મઝાનાં ઈતિહાસની આછેરી ઝલક આપી હતી. કાર્યક્રમને હાસ્ય અને મનોરંજનની પળોથી માણવા રાજકોટનાં લોકસાહિત્યકાર અને હાસ્ય કલાકાર **શ્રી ચંદ્રેશભાઈ ગઢવી**એ સાંસ્કૃતિક અને સંસ્કાર સાથે હાસ્યની છોળો પિરસીને સૌને ખળખળાટ હસાવીને હળવા કર્યા હતા. લોકગીતો, છંદ, દુહાની રમઝટ રજૂ કરવા સાથે તેઓએ માર્મિક વાતો રજૂ કરેલ. તેમણે પોતાની આગવી હાસ્ય શૈલીથી માહોલને આનંદમય બનાવ્યો હતો.

કાર્યક્રમની શુભ શરૂઆત **શ્રી નવકાર મહામંત્રનાં પઠન સ્મરણ**થી કરવામાં આવેલ. મંગલમય શુભારંભ સ્વરૂપ **દિપ પ્રાગટ્ય**ની મંગલકારી વિધી તરફ આગળ વધતા ઝાલાવાડ સંઘનાં પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ, ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠ, શ્રી શારદાબેન કિશોરભાઈ શાહ, સમારોહનાં અતિથિ વિશેષ શ્રી લલિતભાઈ એસ. ગાંધીનાં શુભ હસ્તે પ્રકાશ પૂંજ જ્યોત પ્રગટાવીને **દિપ પ્રાગટ્ય** કરવામાં આવેલ. સ્ટેજ કાર્યક્રમનાં આરંભ અર્થે શ્રી દિલીપભાઈ કે. શાહ (સંઘ પ્રમુખ), શ્રી અરવિંદભાઈ કે. શાહ (સંઘ પૂર્વ પ્રમુખ), શ્રી શારદાબેન કિશોરભાઈ શાહ, શ્રી નિલેશભાઈ કિશોરભાઈ શાહ, સમારોહનાં અતિથિ વિશેષ શ્રી કમલકિશોર તાતેડ (ફોર્મર જસ્ટીસ ઓફ હાઈકોર્ટ), અતિથિ વિશેષ શ્રી લલિતભાઈ ગાંધી (ચેરમેન,જૈન માઈનોરીટી ફાઈનાન્સીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન), અતિથિ વિશેષ શ્રી અતુલ ભાતખળકર (ધારાસભ્ય કાંદિવલી ઈસ્ટ), શ્રી કિરીટભાઈ આર. શાહ (ટ્રસ્ટી), શ્રી સંજયભાઈ બી. શાહ (ટ્રસ્ટી), શ્રી રસીકભાઈ એ. મણીયાર, શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા સૌ મહાનુભાવો - શ્રેષ્ઠીઓને સ્ટેજ ઉપર પધારી પોતાનું સ્થાન ગ્રહણ કરવા આદરભર્યો આવકાર આપવામાં આવેલ.

આ સમારોહમાં પધારેલા મંડળનાં સર્વે ભાઈઓ - બહેનો, આમંત્રિતો, ટ્રસ્ટીવર્યો, સ્ટેજ ઉપર બિરાજમાન મહાનુભાવો તેમજ અત્રે પધારેલ સર્વેનું સંઘ પ્રમુખ **શ્રી દિલીપભાઈ કે. શાહે** હર્ષની લાગણી અનુભવવા સાથે શબ્દોનાં પુષ્પોથી હૃદયભાવે ભાવભીનું હાર્દિક સ્વાગત કરેલ.

ઝાલાવાડ સંઘ સમાજમાં છેલ્લા ૨૦ વર્ષથી પણ વધુ સમય જેમણે ખૂબ જ ઉમદા સેવાઓ આપી છે. અને જેમના હૃદયપટલ અને માનસ પર ઝાલાવાડ સમાજ અંકિત થયેલો છે એવા ઝાલાવાડ સંઘનાં સેક્રેટરી **શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહે** ઝાલાવાડ સંઘનાં સમગ્ર વિભાગોની અનેકવિધ સિમાચિહ્ન પ્રવૃતિઓ - માહિતીઓ સાથેની જાણકારી સંક્ષિપ્તમાં રજૂ કરી હતી.



ઝાલાવાડ ફાઉન્ડેશનનાં ચેરમેન **શ્રી વિનોદભાઈ ટી. શેઠે** ફાઉન્ડેશનની સ્થાપનાની અગત્યતાની પૂર્વ ભૂમિકાની વાત કરેલ. ફાઉન્ડેશનમાં ઊભા થયેલા ભંડોળ ફંડમાંથી ફાઉન્ડેશન દર વર્ષે ૧ થી ૧.૨૫ કરોડ રૂપિયાની સાધર્મિકો માટેની અલગ અલગ સહાય તેમજ એજ્યુકેશન સહાય માટે વાપરવામાં આવે છે. હાલમાં જ આપણા સાધર્મિક પરિવારોનાં ૬૦ વિદ્યાર્થીઓને નજીવા દરે લેપટોપનું વિતરણ કરવામાં આવેલ હતું. આપણા સમાજ માટે અમારો ધ્યેય એ છે કે ઘરે ઘરે એક સ્ટુડન્ટ માસ્ટરનો અભ્યાસ કરે.



"**ઝાલાવાડ બિઝનેસ ફોરમ**નાં વાઈસ ચેરમેન **શ્રી કિરણભાઈ કાંતિલાલ શાહે** જણાવેલ કે ઝેડ.બી.એફ. નાં પ્લેટફોર્મ ઉપર સમાજની અનેક યુવા પ્રતિભાઓ આગળ આવી રહી છે. આપણા સમાજની યુવા પ્રતિભાઓ આવનાર સમયમાં આપણા સમાજની ધુરા સંભાળશે તે માટે તેઓ જરૂર આગળ આવશે, તેનો અમને વિશ્વાસ છે. ઝેડ.બી.એફ.ની વિવિધ સીરીઝ દ્વારા ઘણા બધા કાર્યક્રમો આપી રહયાં છીએ. સમાજનાં સર્વાંગી વિકાસ માટે અનેક યુવા પ્રતિભાઓ તૈયાર થઈ રહી છે.



**ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ**નાં વાઈસ ચેરમેન **શ્રી જીતુભાઈ કોઠારી**એ જણાવેલ કે સમાજને અને સમાજનાં દરેક કુટુંબને આગળ લાવવા હોય તો આજના યુગમાં એજ્યુકેશન સિવાય કોઈ પર્યાય નથી. આપણા સમાજના સંતાનો માટે દેશ વિદેશમાં હાયર એજ્યુકેશન માટે **ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ** નાણાકિય સહાય આપે છે. તેમજ તેઓનાં કેરિયર માટે માર્ગદર્શન પણ પુરૂ પાડે છે. આ ટ્રસ્ટનાં ઊભા થયેલા ભંડોળ ફંડનાં વ્યાજમાંથી ટ્રસ્ટ દર વર્ષે ૫૫ થી ૬૦ લાખ રૂપિયાની અલગ અલગ સ્કીમોમાં સહાય કરી રહયું છે.



આજના આ અવસરે **શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ - મુંબઈ**ની એક વિશિષ્ટ ઓળખને ઓપ

આપતા સુંદર નવા **એક પ્રતિક ચિહ્ન** સ્વરૂપ **લોગો**ને રજૂ કરવામા આવેલ. સંઘનાં પ્રમુખ **શ્રી દિલીપભાઈ કે. શાહ** અને સ્ટેજ ઉપર બિરાજમાન માનવંતા શ્રેષ્ઠીઓ, મહાનુભાવોનાં વરદ્ હસ્તે આ લોગોનું અનાવરણ કરવામાં આવેલ. **સમાજ પ્રતિક ચિહ્ન સ્વરૂપ લોગો**ને સમાજ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલ. આ **લોગો** શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ - મુંબઈની એક વિશિષ્ટ આગવી ઓળખ બની રહેશે. આપણા સમાજનું સચોટ પ્રતિબિંબિત કરતા આ સુંદર લોગોને બનાવવામાં **શ્રી કિરણભાઈ શાહ** અને **શ્રી પ્રિતેશભાઈ શાહે** ખૂબ જહેમત ઉઠાવી હતી.

ESTD. 1911
શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
Shree Zalawad Jain S. M. P. Sangh - Mumbai

મંચસ્થ બિરાજમાન મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યોનાં વરદ્ હસ્તે **ઝાલાવાડ પદ પ્રદાન સમારોહ સ્મરણીકા**નું વિમોચન કરવામાં આવેલ. શબ્દો દ્વારા સૌના હૃદય સુધી પહોંચવાનું માધ્યમ આ સ્મરણીકા (સોવિનયર) બને છે. આલેખન, પેઈજ લેઆઉટ, આર્ટવર્ક વગેરે ખૂબ જ જવાબદારી ભર્યા, ખૂબ જ મહેનતવાળા, લાંબા સમયનાં સૌથી મહત્વનાં આ કાર્ય માટે **પદ પ્રદાન સમારોહ સોવિનીયર કમીટી**ની રચના કરવામાં આવેલ. સ્મરણીકા (સોવિનયર)નાં આ કાર્યમાં **શ્રી ઉપેન્દ્રભાઈ આર. શાહ, શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી દિપકભાઈ જી. ગાંધી, શ્રી ગિરીશભાઈ કે. શાહ, શ્રી કિરણભાઈ કે. શાહ, શ્રી હાર્દિકભાઈ જે. કોઠારી, શ્રી પ્રિતેશભાઈ પી. શાહ** અને **શ્રી ભૂપાલભાઈ કાર્કી** આ સર્વેની મહેનત, કાર્ય કૌશલ્યતા, અનુભવોનું ભાથું, આગવી કાર્યશૈલીએ એક સુંદર, સરસ અને આકર્ષક **સ્મરણીકા** પ્રકાશિત કરવામાં આવેલ. જે આ સમગ્ર સમારોહનું આપણા સમાજ માટે કાયમી **યાદગાર નજરાણું** બની રહેશે.



આ સમારોહનાં અતિથિ વિશેષ **શ્રી કમલકિશોર તાતેડ** (ચીફ જસ્ટીસ ઓફ હાઈકોર્ટ)નું બહુમાન શ્રી દિલીપભાઈ કે. શાહ, શ્રી ચીનુભાઈ એચ. શાહ, શ્રી વિનોદભાઈ ટી. શેઠનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ. ઝાલાવાડ સમાજનાં વિવિધ ક્ષેત્રનાં કાર્યોની સરાહના કરતા તેઓએ ખાસ કરીને એજ્યુકેશન ક્ષેત્રની સેવાઓને બિરદાવી હતી. સમારોહનાં બીજા અતિથિ વિશેષ **શ્રી અતુલ ભાતખળકર** (ધારાસભ્ય કાંદિવલી ઈસ્ટ)નું બહુમાન શ્રી દિલીપભાઈ કે. શાહ, શ્રી કિરીટભાઈ આર. શાહ, શ્રી સંજયભાઈ બી. શાહનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ. ઝાલાવાડ સમાજને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવતા તેઓએ સમાજનાં હિતમાં કાર્ય કરતા ઝાલાવાડ સમાજ માટે સમાજ સાથે જોડાઈ રહેવાથી પ્રગતિ સાંધી શકવાની શીખ આપવા સાથે જીવદયા માટે અને ભારતીય સંસ્કૃતિ માટે તેઓ કામ કરતા રહેશે, તેવું વચન આપેલ. સમારોહનાં ત્રીજા અતિથિ વિશેષ **શ્રી લલિતભાઈ ગાંધી** (જૈન માઈનોરીટી ફાઈનાન્સીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન ચેરમેન )નું બહુમાન શ્રી દિલીપભાઈ કે. શાહ, શ્રી અરવિંદભાઈ કે. શાહનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આપણા સમાજની એક ત્રણ વિભૂતિઓએ ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ મુંબઈ માટે તન, મન અને ધનથી સમર્પિત રહેવા સાથે, જેઓએ પોતાના ઉત્કૃષ્ટ સમયને પણ સમાજ માટે સમર્પિત કરેલ છે. સમાજને સફળતાનાં શીખરો સુધી પહોંચાડવામાં અન્યો સાથે આ ત્રણ વિભૂતિઓનો પણ મહત્તમ ફાળો રહયો છે. ઝાલાવાડ સમાજનાં શણગાર સમા **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ, શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ** તથા **શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ** આ ત્રણ વિભૂતિઓને વિશેષ પદ પ્રદાન પુરસ્કારથી સન્માનીત કરવા સંઘ દ્વારા આ **પદ પ્રદાન સમારોહ**નું આયોજન કરવામાં આવ્યુ હતું.

વિશેષ પ્રતિભાને પદ પ્રદાન અર્પણનાં પ્રથમ ચરણની શરૂઆતમાં **શ્રી જીતુભાઈ કોઠારી**એ જણાવેલ કે જૈન જાગૃતિ સેન્ટરમાં **શ્રી કિશોરભાઈ શાહ** એજ્યુકેશનનાં ખાસ પ્રણેતા રહયા હતા. તેઓએ સમાજને સૌની જાણમાં કે સૌની જાણ બહાર એટલુ ડોનેશન આપ્યુ છે કે જેની કલ્પના પણ ન કરી શકાય. આપણા ઝાલાવાડ સમાજ સાથે દરેક જૈન સમાજ માટે તેઓએ ઉમદા અને

અનોખા કાર્યો કરેલ છે. એક વિદ્યાર્થીને સંપૂર્ણપણે શિક્ષણ આપો તો કાયમ માટે એક પરિવાર તરી જશે. આવી ઉદ્દાત ભાવના તેઓ ધરાવતા હતા.

એક અદ્‌ભૂત વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ વિશેષ **શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ**ને **સમાજ વિભૂષણ** પદ પ્રદાનથી નવાજતા પહેલા તેઓનાં જીવનની ઝલક રૂપ એક વિડિયો ક્લીપ ડિજીટલ સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવેલ. મંચસ્થ સર્વે મહાનુભાવોની ઉપસ્થિતિએ **શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ**ને **સમાજ વિભૂષણ** પદ પ્રદાન કરવામાં આવેલ. પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ, ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠનાં વરદ્ હસ્તે શ્રી કિશોરભાઈનાં પરિવારજનોને **સમાજ વિભૂષણ** મોમેન્ટો અર્પણ કરવા સાથે શ્રી કિશોરભાઈનાં પરિવારજનોનું ભાવભર્યુ ઉમદા બહુમાન કરવામાં આવ્યું હતું.

પ્રસંગોચિત્ત પોતાની લાગણી વ્યક્ત કરતા **શ્રી નિલેશભાઈ કિશોરભાઈ શાહે** જણાવેલ મારા પૂજ્ય પિતાનાં સ્મરણાર્થે આપ સૌએ તેમના કાર્યોને આટલા સારા પ્રેમથી બિરદાવેલ છે. અને આ સ્નેહ મિલન સમારોહનું આયોજન કરેલ છે. આ માટે હું અને મારૂં ફેમીલી આપ સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ.

વિશેષ પ્રતિભાને પદ પ્રદાન અર્પણનાં દ્વિતિય ચરણની શરૂઆતમાં **શ્રી કિરણભાઈ શાહ**એ જણાવેલ કે સમાજ માટે જીવન પ્રયંત કામ કરતા રહેવું છે એજ **શ્રી અરવિંદભાઈ શાહ**નો જીવનમંત્ર રહયો છે. તેમના માટે માટે ગૌરવવંત બનીને તેઓની સેવાઓને ગૌરવભેર બિરદાવીએ. વ્યવહારીક્તાની આગવી સૂઝ, આયોજનની કુશળતા, અને દિર્ઘકાલીન વિશાળ સેવાઓ સાથે અનુભવોની સજ્જતાએ તેઓ સમાજની એક થી વધુ સંસ્થાઓમાં વિવિધ પદો ઉપર રહીને સમાજને ઉન્નતિનાં શિખરે પહોંચાડવામાં તેમનો ભગીરથ પુરૂષાર્થ રહયો છે.

સેવાનાં ભેખધારી વ્યક્તિ વિશેષ **શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ**ને આજે **સમાજ ગૌરવ**નાં પદ પ્રદાનથી નવાજતા પહેલા તેઓનાં જીવનની ઝલક રૂપ એક વિડિયો ક્લીપ ડિજીટલ સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવેલ. મંચસ્થ સર્વે મહાનુભાવોની ઉપસ્થિતિએ **શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ**ને **સમાજ ગૌરવ** પદ પ્રદાન કરવામાં આવેલ. પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ, ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠનાં વરદ્ હસ્તે **શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ**ને **સમાજ ગૌરવ** મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. તેમજ તેઓનું ભાવભર્યુ ઉમદા બહુમાન કરવામાં આવ્યું હતું.

હરહમેંશ હુ સમાજ સાથે રહીશ...સમાજની પાસે રહીશ...સમાજની સાથે ચાલીશ...એવા સમાજ પ્રત્યેનાં હૃદયભાવોથી ભીંજાયેલા **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**ની સમાજ માટે કંઈપણ કરી છૂટવાની હંમેશા તૈયારી બદલ આજે તેઓ સમાજનાં રત્ન બન્યા છે. સમાજ રત્ન તેઓને અર્પણ થઈ રહયા પહેલા શરૂઆતની પળોએ સૌ કોઈ સંગીતનાં સૂરોએ અને મ્યુઝીકનાં પડઘમ સાથે નાચતા ઝુમતા ડોમનાં પ્રવેશદ્વારે જઈ તેમને આવકારવા પહોંચ્યા હતા. એમની એક વિશેષ જબરજસ્ત જાજરમાન એન્ટ્રી રહી હતી. જેમના શાનદાર પ્રવેશે તેઓને માન - સન્માનથી અભિવાદિત કરતા દરેક જણે તેમને **સ્ટેન્ડીંગ ઓવેશન** આપીને, તેઓનું તાળીઓનાં ગડગડાટથી ઉલ્લાસ અને ઉત્સાહભર્યું જોરદાર સ્વાગત કરવામાં આવ્યુ હતું.

વિશેષ પ્રતિભાને પદ પ્રદાન અર્પણનાં તૃતિય ચરણની શરૂઆતમાં **શ્રી કિરણભાઈ શાહે** પોતાના વકતવ્યમાં જણાવેલ કે **શ્રી દિલીપભાઈ શાહ** ફકત ઝાલાવાડ જૈન સંઘનાં જ સુકાની નહિ, પરંતુ સમાજની સમગ્ર વિકાસ યાત્રાનાં સુકાની છે. તેઓ સમાજ ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. ઝાલાવાડ તેમના દિલમાં વસે છે અને તેમના હૈયે દાનની વંસત બારે માસ હોય છે. **શ્રી મનીષભાઈ શાહ (માનબા)**એ ક્રિકેટર સચીન તેંડુલકર અને શ્રી દિલીપભાઈની ઉપલબ્ધિઓ - સફળતાઓનાં સમાંતર સંયોગોને વર્ણવ્યા હતા. તેઓએ જણાવેલ કે શ્રી દિલીપભાઈનાં સામાજીક જીવનનાં છેલ્લા ૨૬ વર્ષની સેવાઓમાં માત્ર ઝાલાવાડ જ રહયું છે. એમની નશે નશમાં સતત ઝાલાવાડ સમાયેલુ છે. તેઓ આપણા સમાજનાં સચીન તેંડુલકર છે.

ઝાલાવાડ સંઘનાં કુશળ શિલ્પી - સમાજને સમર્પિત વ્યક્તિ વિશેષ **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**ને આજે **સમાજ રત્ન** નાં પદ પ્રદાનથી નવાજતા પહેલા તેઓનાં જીવનની ઝલક રૂપ એક વિડિયો ક્લીપ ડિજીટલ સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવેલ. મંચસ્થ સર્વે મહાનુભાવોની ઉપસ્થિતિએ **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**ને **સમાજ રત્ન** પદ પ્રદાન કરવામાં આવેલ. સમાજ રત્ન શ્રી

ચીનુભાઈ એચ. શાહ, ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠ, ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ આર. શાહનાં વરદ્ હસ્તે **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**ને **સમાજ રત્ન** મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. તેમજ તેઓનું ભાવભર્યુ ઉમદા બહુમાન કરવામાં આવ્યું હતું.

**શ્રી દિલીપભાઈ**એ જણાવેલ કે આપ સૌએ આજે જે મને માન આપેલ છે તે માટે આપ સૌનો ઋણી છું. આપ સૌએ હવે મારી જવાબદારી વધારી દિધી છે. હવે વધારે કાર્ય કરીને, તમે મને જે માન આપેલ છે તે સાર્થક કરવું પડશે. સ્થાનકવાસી, દેરાવાસી, દિગમ્બર વગેરે બધા જ જૈનો સાથેનું એક ઝાલાવાડનું સંગઠન બને તેવું મારુ સ્વપ્ન છે. દામોદર વાડીને અદ્યતન બનાવી રીડેવલોપ કરવી, મુંબઈ બહાર સારી જગ્યાએ સેનેટોરીયમ - રીસોર્ટ બનાવવું, જુનાગઢ ગીરનાર તીર્થે યાત્રીક ભવન બનાવવું આ પણ મારા સ્વપ્નો રહયાં છે. આ માટે હુ ચોક્કસ પ્રયત્નશીલ છું.

સમાજ રત્ન **શ્રી દિલીપભાઈ**એ પોતાના મનોભાવ વ્યક્ત કરતા આ પ્રસંગે ઝાલાવાડ સંઘની આગળની યોજનાઓ - પ્રોજેકટો માટે તેમના તરફથી રૂ. ૩૧ લાખ તથા તેમના ભાઈઓ તરફથી રૂ. ૫ લાખ ઝાલાવાડ સંઘને આપવાની જાહેરાત કરેલ હતી. તેમજ સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ કે. શાહ તરફથી રૂ. ૧૮ લાખ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ તરફથી રૂ. ૫ લાખ, શ્રી પ્રવીણભાઈ ચંદુલાલ શાહ તરફથી રૂ. ૫ લાખ, શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ તરફથી રૂ. ૫ લાખ, શ્રી કિરીટભાઈ રતનશી શાહ તરફથી રૂ. ૫ લાખ, ઝાલાવાડ સમાજ ઈન્ડિયા તરફથી રૂ. ૫ લાખ, શ્રી જયંતિલાલ જીવણલાલ શેઠ તરફથી રૂ. ૫ લાખ, શ્રી બટુકભાઈ પોપટલાલ શાહ તરફથી રૂ. ૫ લાખ, શ્રી સી. એમ. ગાંધી પરિવાર તરફથી રૂ. ૫ લાખ ઝાલાવાડ સંઘને આપવાની જાહેરાત કરવામાં હતી.

આ સમારોહનાં સફળ આયોજનમાં **પદ પ્રદાન સમારોહ આયોજન કમીટી** સાથે વિવિધ **પેટા કમીટીઓની** પણ રચનાઓ કરવામાં આવેલ. આ સમગ્ર કમીટીઓની સુવ્યવસ્થિત કાર્યશૈલી સમા આયોજન સાથેનાં સુમેળભર્યા સમન્વયે આ સમારોહ સફળતાની સૌરભથી મહેંકી ઉઠયો હતો. મુખ્ય કમીટી **પદ પ્રદાન સમારોહ આયોજન કમીટી**નાં સભ્યો તરીકે **શ્રી અરવિંદભાઈ કે. શાહ**, **શ્રી કિરણભાઈ કે. શાહ**, **શ્રી મુકેશભાઈ યુ. શાહ** અને **શ્રી દિપકભાઈ જી. ગાંધી** ની કાર્યદક્ષતાએ સમારોહને ભવ્ય સફળતા આપતું આગવું આયોજન રહયું હતું.

**આલેખન :** ઉપેન્દ્રભાઈ શાહ (પૂર્વ સંપાદક)


સમય ડીજીટલ યુગનો છે આવનાર સમયમાં આપણા સમાજનો વિકાસ વેગવંતો બનાવવા આપણા સમાજને પણ ડીજીટલ યુગ સાથે કદમ મિલાવવા પડશે. આવનાર સમયની જરૂરિયાતોને જાણીને - સમજીને આપણા સમાજે પણ ડીજીટલમાં પ્રવેશ કરેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી બનાવવામાં આવેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી દ્વારા ફક્ત ૧ મોબાઈલ વોટ્સએપ નંબર નક્કી કરવામાં આવેલ છે. આપણા સમાજનો ડીજીટલ વોટ્સએપ ચેટ બોટ નંબર ૯૦૭૬૩૪૨૮૧૮ (Digital Whatsaap Chat bot No. 9076342818) આપવામાં આવેલ છે.

આપણા સમાજની ચાલતી તમામ પ્રવૃત્તિઓ - માહિતીઓ સાથે યોજનાઓ - આયોજનો તેમજ સમાજમાં આવતા પ્રસંગો - કાર્યક્રમોની વિગતો આ નંબર ઉપરથી મળી શકે છે. આપણા સમાજની દર મહીને પ્રકાશિત થતી 'ઝાલાવાડ જૈન દર્શન' પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ પણ ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપરથી મળી શકશે.

આ એક એવો આયોજન છે કે જેમાં આપને આપણા સમાજની ત્વરિત વિગતો, માહિતિઓ, જાણકારીઓ મળી શકે છે. સમયની જરૂરિયાત સાથેનું આપણા સમાજનું આ એક આગવું અને અસરકારક પ્લેટફોર્મ છે. આ ઝાલાવાડ ડીજીટલ કમીટીમાં શ્રી નિશિથભાઈ વોરા, શ્રી મિતેષભાઈ શાહ, શ્રી પ્રીતેશભાઈ શાહ, શ્રી હર્નીશભાઈ શાહ, શ્રી કિરણભાઈ શાહ સંપૂર્ણ સુંદર સહયોગ આપવા સાથે ઉમદા સેવાઓ આપી રહ્યા છે.

## સેવા – સિદ્ધિઓ...

- શ્રી ઝાલાવાડ સંઘમાં ૧૯૯૯ થી કારોબારીમાં સભ્ય તરીકે જોડાઈને ૨૦૦૯ સુધી કારોબારી સભ્ય તરીકે કાર્યશીલ રહયાં છે. શ્રી ઝાલાવાડ સંઘમા ૨૦૦૯ થી ૨૦૧૩, ૨૦૧૯ થી ૨૦૨૧, ૨૦૨૨ થી ૨૦૨૫માં પ્રમુખ રહયાં અને હાલમાં પણ પ્રમુખ તરીકે અનુપમ સેવાઓ આપી રહયાં છે.
- શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનમાં ૧૯૯૬ થી ડોનર સભ્ય તરીકે અને વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭માં વાઈસ ચેરમેન તરીકે તેમજ વર્ષ ૨૦20 થી ૨૦૨૩માં ચેરમેન તરીકે અનુપમ સેવાઓ આપેલ છે.
- શ્રી ઝાલાવાડ ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટમાં વર્ષ ૨૦૦૮ - ૨૦૦૯ ફાઉન્ડર ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે.
- શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. મંડળ સાયન - માટુંગા - વડાલા - દાદરમાં વર્ષ ૧૯૯૬ થી કારોબારી સભ્ય તરીકે પદાપર્ણ કરી વર્ષ ૨૦૧૪ થી લઈને હાલ અત્યારે પણ મંડળનાં પ્રમુખ તરીકે કાર્યરત રહી સેવાઓ આપી રહયાં છે.
- જૈન જાગૃતિ સેન્ટર સાયન માટુંગા ચેરીટેબલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહયાં છે.
- શ્રી ખીમચંદ છગનલાલ શાહ - માનવ સેવા ટ્રસ્ટ ભાયંદરમાં ૧૯૯૪ થી ફાઉન્ડર ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહયાં છે.
- સુરેન્દ્રનગર / જોરાવરનગરમાં કાર્યરત શ્રીમતી સવિતાબેન વાડીલાલ ચેરીટેબલ ટ્રસ્ટમાં પ્રમુખ તરીકે સેવા આપી રહયાં છે.



## સમાજ રત્ન
# શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
### સમાજની વિકાસ યાત્રાનાં કુશળ શિલ્પી, અડગ મનનાં પ્રખર પુરૂષાર્થી

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈ

### પુરસ્કૃત

# ‘સમાજ રત્ન’

## શ્રીયુત દિલીપભાઈ ખીમચંદ શાહ

શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહની ઉદ્દાત સદ્ભાવનાઓ, સેવાકિય કાર્યો, ઉમદા યોગદાન અને ઉત્કૃષ્ટ સહયોગથી ઝાલાવાડ સમાજમાં એક વ્યક્તિ વિશેષ ઉમદા વ્યક્તિત્વની સ્પર્શના થાય છે. તેઓનાં સમાજ પ્રત્યેનાં કાર્યોની શૃંખલાએ તેઓનું સમાજમાં આગવું ગૌરવવંતુ સ્થાન રહયું છે. ઝાલાવાડ સમાજ સાથેની તેમના પરિવારની - વડિલોની ચાલી આવતી સેવા સહયોગની પરંપરાને શ્રી દિલીપભાઈએ અવિરતપણે ચાલુ રાખેલ છે. પિતા શ્રી ખીમચંદભાઈની સાહસિકતા અને કાકા શ્રી ચીનુભાઈની પ્રેરણા સ્વરૂપ કુંટુબનો સેવા - સંસ્કારિતાનો વારસો જાળવી શ્રી દિલીપભાઈએ ઝાલાવાડ સમાજની ધુરા આગવી સુઝબૂઝ સાથે સક્ષમતા પૂર્વક ખૂબ જ સારી રીતે સંભાળેલ છે. શ્રી ઝાલાવાડ સંઘ - ઝાલાવાડ સમાજનાં ઉત્કર્ષ અને વિકાસમાં તેઓનાં ઉમદા સહયોગ સાથેનો સિંહ ફાળો રહયો છે.

વતન ખેરવાનાં વતની, હાલ દાદર સ્થિત શ્રી દિલીપભાઈએ સમાજને સમૃધ્ધ સમાજ બનાવવા, વિકસીત સમાજ બનાવવા જરૂરી પરિવર્તન લાવવા સાથે, નવી ટેકનોલોજીને અગ્રીમતા આપીને, આપણા સમાજનાં યુવાનોને આગળ આવવા પ્રોત્સાહીત કરેલ છે. પ્રમાણિકતા, સદાચાર અને મુખારવિંદ ઉપર હળવું સ્મિત, સ્વભાવમાં સરળતા અને સ્થિરતા તેઓના વ્યક્તિત્વનું ઓજસ રહયું છે. તેઓ કોઈપણની રજૂઆતો કે વાતોને શાંત ચિત્તે સાંભળીને, સમજીને, ગહનતાથી મનન કરીને સાચી વાતને ખૂબ જ સહજતાથી રજૂ કરવાની તેઓની એક આગવી વિશિષ્ઠ શૈલી રહી છે.

શ્રી ઝાલાવાડ સંઘનાં સાધર્મિક ભક્તિ, કેળવણી સહાય, તબીબી સહાય, તપસ્વી બહુમાન, વિધાર્થીઓનું બહુમાન, સમુહ લગ્ન, શ્રી સંઘના શતાબ્દી મહોત્સવ કાર્યક્રમ, પાલીતાણા આપણા સમાજનું યાત્રિક ભવન અને હાલમાં તેનું નૂતનીકરણ, મુંબઈમાં આપણા સમાજની નૂતન ઓફીસ, આપણા સમાજનાં વિશિષ્ટ કાર્યક્રમો - યોજનાઓ વગેરેમાં શ્રી દિલીપભાઈનાં સાથ, સહકાર અને સહયોગ સાથે વિશેષ યોગદાન રહયું છે. તેમજ ઘણી જગ્યાએ તેઓએ માતબર રકમનું યોગદાન આપી, સમાજનાં વિકાસ અર્થે દાનની ગંગાને વહેતી રાખી છે. શ્રી ગીરનાર તીર્થે આપણા સમાજનું યાત્રિક ભવન અને આપણા સમાજની દામોદરવાડીનું નૂતનીકરણ તેઓનાં આગામી આયોજનની ભાવના રહી છે.

શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનની ‘સ્વરોજગાર લોન સહાય યોજના’ માટે શ્રી પરાગભાઈ દિલીપભાઈ શાહનાં નામથી માતબર રકમનું યોગદાન આપેલ છે. શ્રી સંઘનાં સાધર્મિક ભક્તિનાં કાયમી પ્રેરક દાતા તરીકે તેમજ સાયન - માટુંગા - વડાલા - દાદર મંડળમાં વાર્ષિક કાર્યક્રમનાં કાયમી પ્રેરક દાતા તરીકે માતુશ્રી મંજુલાબેન ખીમચંદ છગનલાલ શાહ તેમના પરિવારે ઉત્તમ લાભ લીધેલ છે.


પાલીતાણામાં શ્રી ભગીની મિત્ર મંડળ સંચાલિત ‘દિકરીનું ઘર’ સંસ્થા તેમજ પાલીતાણામાં આ. ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ હોસ્પીટલમાં તેઓએ માતબર રકમનું યોગદાન આપેલ છે.

શ્રી દિલીપભાઈની સામાજીક અને પારિવારીક સફળ જીવન સફરનાં સાચા ઉમદા મૂક સહભાગી તેમના જીવનસંગીની શ્રીમતી ભામિનીબેન સાથેનાં સુખી દામ્પત્ય જીવનનાં ૨૫ વર્ષની ઉજવણી વખતે સ્નેહિ - મિત્રો, વડિલો સૌ કોઈની શુભેચ્છાઓ, આશીર્વાદ તેઓએ પ્રાપ્ત કરેલ. સદાય હસતો ચહેરો અને હંમેશા મીઠો આવકાર આપતા શ્રીમતી ભામિનીબેનનાં સંસ્કારોની સૌરભથી ખિલતું આગવું વ્યક્તિત્વ રહયું છે.

શ્રી દિલીપભાઈ આપણા ઝાલાવાડ સમાજનાં વિકાસનાં કુશળ શિલ્પી રહયાં છે. તેઓ આપણા ઝાલાવાડ સમાજની મોટી થાપણ સમાન છે. તન, મન અને ધનનાં ત્રિવેણી સંગમથી સહયોગ આપતા, સાચા અર્થમાં સેવા, સતકાર્ય અને સદ્ભાવનાનાં શિરોમણી શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહને આજે **સમાજ રત્ન** એવોર્ડથી નવાજતા સમગ્ર ઝાલાવાડ સમાજ ગૌરવની લાગણી અનુભવે છે. અને તેઓ સ્વસ્થ સ્વાસ્થ્ય સાથે દિર્ઘાયુ આયુષ્ય પામે. તેઓને સમાજ ઉત્કર્ષ અને સેવાનાં કાર્યો કરવાનું વધુમાં વધુ સામર્થ્ય પ્રાપ્ત થાય એજ શુભકામનાઓ...શુભેચ્છાઓ...

## સેવા - સિદ્ધિઓ...

- શ્રી ઝાલાવાડ સંઘમાં ૧૯૭૪ થી કારોબારીમાં સભ્ય તરીકે જોડાઈને ૫૦ વર્ષ સુધી શ્રી ઝાલાવાડ સંઘમાં કાર્યશીલ રહયાં છે. શ્રી ઝાલાવાડ સંઘમા ૧૯૯૬ થી ૧૯૯૯, ૧૯૯૯ થી ૨૦૦૨, ૨૦૦૬ થી ૨૦૧૦માં (કુલ ૧૧ વર્ષ) મંત્રી તરીકે તેમજ ૨૦૦૨ થી ૨૦૦૫, ૨૦૧૯ થી તા. ૭-૩-૨૦૨૧ સુધી (કુલ ૫ વર્ષ) ઉપપ્રમુખ તરીકે અને તા. ૭-૩-૨૦૨૧ થી ૨૦૨૨ સુધી પ્રમુખ તરીકે શ્રી ઝાલાવાડ સંઘમાં અનુપમ સેવાઓ આપેલ છે.
- શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનમાં ૧૯૯૬ થી પેટ્રન સભ્ય તરીકે પદાપર્ણ થઈ કાર્યરત રહયાં અને વર્ષ ૨૦૦૫ થી ૨૦૦૮, ૨૦૦૮ થી ૨૦૧૧, ૨૦૧૧ થી ૨૦૧૪, ૨૦૧૪ થી ૨૦૧૭ (કુલ ૧૨ વર્ષ) મંત્રી તરીકે અનુપમ સેવાઓ આપેલ છે.
- શ્રી ઝાલાવાડ ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટમાં વર્ષ ૨૦૦૮ - ૨૦૦૯ ફાઉન્ડર ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે.
- શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. મંડળ બોરીવલીમાં વર્ષ ૧૯૯૪માં સ્થાપક (ફાઉન્ડર ટ્રેઝરર) ખજાનચી તરીકે સેવાઓ આપેલ છે. ત્યારબાદ મંત્રી તરીકે તેમજ પ્રમુખ તરીકે અનુપમ સેવાઓ આપેલ છે.
- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ફાઈનલ સી.એ. મે-૧૯૭૦ એકઝામમાં ઓલઓવર ઈન્ડિયાએ બન્ને ગ્રુપમાં રેંક ૯ થી પાસ થયેલ છે.
- ધોલેરાબંદર જૈન દેરાસરમાં - પાંજરાપોળમાં તેમજ દેવકીનગર બોરીવલી જૈન સંઘમાં, વર્ધમાન માનવ સેવા ટ્રસ્ટ ભાયંદરમાં તેઓની ટ્રસ્ટી તરીકેની ઉમદા સેવાઓ રહી છે.



## સમાજ ગૌરવ

# શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ

**સમાજ વિકાસ અને સમાજ સેવાઓનાં વિશાળ અનુભવી ઘડવૈયા**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈ

## પુરસ્કૃત

# ‘સમાજ ગૌરવ’

## શ્રીયુત અરવિંદભાઈ કાંતિલાલ શાહ

શ્રી ઝાલાવાડ સંઘમાં - ઝાલાવાડ સમાજમાં સૌથી વધુ વર્ષો સુધીનાં સેવા કાર્યકાળનો અનુભવ રેકોર્ડમાં એક અદના આદમી સમા શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહનું નામ ચોક્કસ દર્જ થઈ શકે છે. વતન ધોરેલાબંદરનાં વતની, હાલ બોરીવલી સ્થિત શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.

વ્યવહારીકતાની આગવી સૂઝ, કાર્ય પ્રત્યેની કાર્યદક્ષતા, આયોજનની કુશળતા સમા સફળ આયોજક સાથેની કર્મનિષ્ઠાએ તેઓને સોંપવામાં આવતા દરેક કાર્યો હંમેશા સફળતાને વરતા રહયાં છે. વિશાળ અનુભવની સજ્જતાએ વિવિધ પદો ઉપર રહીને સમાજને ઉન્નતિનાં શિખરે પહોંચાડવામાં તેઓનો ભગીરથ પુરૂષાર્થ રહયો છે.

વધતી ઉંમરનાં પડાવે પણ એક યુવાન કરતા પણ વધુ ઉત્સાહથી કાર્યરત રહેતા શ્રી અરવિંદભાઈ એક સામાન્ય માનવીની જેમ સરળતા, સાદગી સાથે ગમે તે પરિસ્થિતિમાં સહજતાથી જીવન જીવવાની તેમની જીવનશૈલી પ્રેરણાદાયી રહી છે. પાલીતાણા આપણા સમાજનાં યાત્રિક ભવનનાં જિનાલયનાં ૨૦૨૦ થી ૨૦૨૪ પાંચ વર્ષનાં ધ્વજારોહણનાં લાભાર્થી પરિવાર બનવાનો ઉત્તમ પુણ્ય પામવાનો લાભ તેઓએ લીધેલ હતો. શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. મંડળ બોરીવલીમાં સાધારણ ખાતાનાં વિભાગમાં કાયમી પ્રેરકદાતા બનવાનો સુંદર લાભ તેમના પરિવારે લીધેલ હતો.

સામાજીક અને ધાર્મિક કાર્યોમાં તેઓ ઉદારદિલથી યોગદાન આપતા રહયાં છે. ઝાલાવાડ સમાજ તથા અન્ય સમાજની વિવિધ સંસ્થાઓમાં તેઓ સેવાઓ આપી રહયાં છે. શ્રી સંઘની તપસ્વી બહુમાન યોજનાનાં કાયમી સહાયક દાતા તરીકેનાં લાભાર્થી પરિવાર રહયાં છે. શ્રી ઝાલાવાડ સંઘનાં સાધર્મિક ભક્તિ, કેળવણી સહાય, તબીબી સહાય, તપસ્વી બહુમાન, વિધાર્થીઓનું બહુમાન, સમુહ લગ્ન,

પાલીતાણા આપણા સમાજનું યાત્રિક ભવન અને હાલમાં તેનું નૂતનીકરણ, મુંબઈમાં આપણા સમાજની નૂતન ઓફીસ, આપણા સમાજનાં વિશિષ્ટ કાર્યક્રમો - યોજનાઓ વગેરેમાં શ્રી અરવિંદભાઈનો સાથ, સહકાર અને સહયોગ સાથે ઉલ્લેખનીય યોગદાન રહયું છે. આપણા ઝાલાવાડ ફાઉન્ડેશનમાં મંત્રી તરીકે ૧૨ વર્ષ સુધી સેવા આપેલ છે. તેમજ મોટા, આગવા વિશિષ્ઠ કાર્યક્રમો, યોજનાઓ, આયોજનોમાં તેઓનું માતબર રકમનું યોગદાન સાથે ઉત્તમ સહયોગ રહયો છે. શ્રી નમીનાથજી મહારાજ પેઢી - પાયધુની દેરાસરમાં શ્રી સંઘના પ્રતીનીધી રહી ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે.

શ્રી અરવિંદભાઈનાં જીવનનાં ચડાવ ઉતારમાં તેમજ સામાજીક અને પારિવારીક સફળ જીવન સફરમાં સહભાગી બની રહેતા તેમનાં ધર્મપત્ની શ્રીમતી ચંદનબેનનો ઉમદા સહયોગ ઉલ્લેખનીય રહયો છે. શ્રીમતી ચંદનબેનની ગૃહ કાર્ય કુશળતા સાથે ઉત્કૃષ્ટ ધર્મભાવના રહી છે. સમાજ સેવામાં રુચી ધરાવતા, પિતાનાં પગલે એ જ કેડીએ ચાલીને વ્યવસાયમાં અને સમાજ સેવામાં ઉમદા સહયોગ આપતા તેમના પુત્ર શ્રી કેતનભાઈએ હંમેશા કાર્યને પ્રથમ પ્રાધાન્ય આપતા કાર્યશીલ રહયાં છે. શ્રી અરવિંદભાઈનો પરિવાર એક શિક્ષિત પરિવાર સાથે સામાજીક અને ધાર્મિક સંસ્કારોની સુવાસથી ખિલતો ઉજળો પરિવાર રહયો છે.

શ્રી અરવિંદભાઈ આપણા ઝાલાવાડ સમાજની પ્રગતિ અને વિકાસનાં વેલ પ્લાનર સમા કુશાગ્ર ઘડવૈયા રહયાં છે. શરૂઆતથી જ તન, મન અને ધનથી સમાજ સાથે જોડાયેલા શ્રી અરવિંદભાઈનું જીવન હાલમાં મહદઅંશે સેવાઓને સમર્પિત રહયું છે. શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહની ઝાલાવાડ સંઘ - ઝાલાવાડ સમાજ સાથેની લાંબા સમયની દિર્ઘકાલીન વિશાળ સેવાઓ સરાહનીય રહી છે, સન્માનીય રહી છે. સેવાનાં ભેખધારી એવા સેવાર્થી આદરણીય શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહને આજે **સમાજ ગૌરવ** એવોર્ડથી નવાજતા સમગ્ર ઝાલાવાડ સમાજ ગર્વની લાગણી અનુભવવા સાથે શુભેચ્છાઓ પાઠવે છે. અને તેઓ સ્વસ્થ સ્વાસ્થ્ય સાથે દિર્ઘાયુ આયુષ્ય પામે. તેઓ સારી તંદુરસ્તી પામી સમાજની વધુને વધુ સેવા કરવાને શક્તિમાન બને તેવી શુભકામનાઓ... શુભેચ્છાઓ...

## સેવા – સિદ્ધિઓ...

- શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ફાઉન્ડેશનમાં વાઈસ ચેરમેન તરીકે અનુપમ સેવાઓ આપેલ હતી.
- શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મંડળ સાયન - માટુંગા - વડાલા - દાદરમાં ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપેલ હતી.
- જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન તરીકે સેવાઓ રહી છે. જેમાં કેળવણી સહાય યોજનાનાં પ્રેરણાસ્ત્રોત રહી માતબર રકમનું આર્થિક યોગદાન રહ્યું હતું.
- જૈન જાગૃતિ સેન્ટર સાયન માટુંગા ચેરીટેબલ ટ્રસ્ટમાં તત્કાલીન ભૂતપૂર્વ ચેરમેન અને કાયમી ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ હતી.
- મહાવીર હાર્ટ રિસર્ચ ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી તરીકે ઉમદા સેવાઓ આપેલ હતી..
- માટુંગા સ્થિત શ્રી વાસુપૂજ્ય સ્વામી ફાઉન્ડેશનમાં કેળવણી માતબર રકમનું આર્થિક યોગદાન.
- પાલીતાણા સ્થિત ભગીની મિત્રમંડળના 'દિકરીનું ઘર' સંસ્થામાં માતબર રકમનું આર્થિક યોગદાન.



## સમાજ વિભૂષણ

# શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ

### એક મુઠ્ઠી ઊંચેરા માનવી...વ્યક્તિ વિશેષ વ્યક્તિત્વ

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ
## પુરસ્કૃત
# ‘સમાજ વિભૂષણ’
# શ્રીયુત કિશોરભાઈ નંદલાલ શાહ

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈની વિકાસ ગાથામાં સેવાનાં ભેખધારી સેવાર્થીઓ, અગ્રગણ્યો, ઉમદા શ્રેષ્ઠીઓ, દિર્ઘદ્રષ્ટા મહાનુભાવો, ઉદારદિલ દાનવીરો વગેરેથી શોભતો સમાજ રહયો છે. આવા વિરલ વ્યક્તિઓમાં એક વ્યક્તિ વિશેષ તરીકે શ્રી કિશોરભાઈ નંદલાલ શાહએ આપણા ઝાલાવાડ સમાજ માટે, જૈન સમાજ માટે ઉમદા અને અનોખા કાર્યો કરેલ હતા. આ મુઠ્ઠી ઊંચેરા માનવીનાં ઉમદા કાર્યો - વિશેષ સેવાઓ ઝાલાવાડ સમાજ માટે ગૌરવવંતા રહયાં છે.

કર્મ ભૂમિ દાદર મુંબઈ અને વતન ભૂમિ લીંબડી - ઝાલાવાડ પ્રત્યે તેઓને આગવો લગાવ અને વતન પ્રેમ રહયાં છે. પોતાના પરિવાર - કુટુંબ માટે ઘણું સારૂં કરી જાણવા સાથે સમાજ કાજે, અન્ય કાજે પણ ખૂબ સારૂં સમર્પિત કરનારા વિરલ વ્યક્તિઓમાનાં એક શ્રી કિશોરભાઈ શાહનું આગવું સ્થાન રહયું હતું. સ્નેહાળ લાગણીશીલ, ઉદારદિલ, કર્મનિષ્ઠ, ધર્મનિષ્ઠ, દાનવીર શ્રી કિશોરભાઈની કુટુંબ મોભી, સમાજ મોભી તરીકેની આદરણીય - સન્માનીય પ્રતિભા રહી છે.

બનારસ સિલ્ક હાઉસ, નંદકિશોર એન્ડ કંપની તથા ડ્રીમ્સનાં પાર્ટનર તરીકે પોતાની કુનેહ, આગવી કાર્યદક્ષતા અને બિઝનેશમાં એક્યુરેટ મેનેજમેન્ટે તેઓએ સફળતાનાં શિખરો સર કરેલ હતી. ધંધાકિય નિવૃતિ સાથે સુખ, શાંતિ અને સમૃધ્ધિ ભર્યું જીવન તેઓનું રહ્યુ હતું. શ્રી કિશોરભાઈનાં પ્રેરણામૂર્તિ એવા ધર્મપરાયણ ધર્મપત્ની શ્રી શારદાબેનનાં સુમેળભર્યા સહયોગ સાથે આ સુમેળભર્યા વિશાળ સંયુક્ત કુટુંબમાં પારિવારીક પ્રેમ પાંગરતો રહ્યો. પરિવારજનો અને ધર્મપત્ની શ્રી શારદાબેનનાં પ્રોત્સાહક સહકાર સાથે ‘‘શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ’’ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી કિશોરભાઈએ દાન, સેવા અને ધર્મ સાથે સમાજોપયોગી કાર્યો સ્વરૂપ ઉલ્લેખનીય સેવાઓ પ્રદાન કરેલ હતી.

‘એક વિદ્યાર્થીને સંપૂર્ણપણે શિક્ષણ આપો તો એક પરિવાર કાયમ માટે તરી જશે અને અન્ય પરિવારને પણ તારશે અને સમાજ સુદ્રઢ બનશે.’’ આવી ઉદ્દાત ભાવના ધરાવતા શ્રી કિશોરભાઈ શાહનાં શિક્ષણ પ્રત્યે પ્રેમ, ભાવના અને લગાવ વિશેષ રહયાં હતા. સમજણની પરિપકવત્તાથી જ સત્કાર્યો સમા શુભ સ્વપ્નો સેવતા તેઓ એક દિર્ઘ સ્વપ્નદ્રષ્ટા રહયાં હતા. વિશાળ શુભ ભાવોથી ધબકતાં તેમના હૃદયભાવો રહયાં હતા. તેઓ ખૂબ જ ઉમદા ભાવો સાથે અનુદાન કરતા રહયાં હતા અને એટલા જ ઉમદા ભાવો સાથે અનુદાન લાવી પણ આપતા. આ છે દાન - સેવા પ્રત્યેનાં તેઓનાં ઉત્કૃષ્ટ ભાવો. ‘‘ઈશ્વર કૃપાએ આપણને જે કાંઈ પ્રાપ્ત થયું છે, મળ્યું છે, તેમાંથી વાપરી શકાય તેટલું મહદ્અંશે સમાજ માટે વાપરતા રહેવું જોઈએ’’, આ જીવનમંત્ર તેઓએ પરિવારને આપેલ હતો.

સદાય ચહેરા ઉપર સ્મિત, મોહક વ્યક્તિત્વ, શાંત, સરળ અને મિતભાષી સ્વભાવ ધરાવતા શ્રી કિશોરભાઈ કયારેક કયારેક હળવી રમૂજની પળોને માણી લેવા સાથે કર્મે એક સાચા શાસનપ્રેમી રહ્યા હતા. વિચારોમાં સ્પષ્ટતા સાથે વાણીથી સ્પષ્ટ વક્તા રહયાં હતા. જરૂરીયાતમંદ માણસોનાં કાંઈ કહયાં વિના તેઓની પરિસ્થિતિને પારખી લેનારા અને અંતરથી સમજનારા શ્રી કિશોરભાઈએ કયારેય કોઈને નિરાશ નહોતા કર્યા. તેઓની દરેક જરૂરીયાતોને સમજી લઈને લાગણી અને ઉદારતા રાખી મદદરૂપ રહયાં હતા.

આ પરિવારે આપણા ઝાલાવાડ ફાઉન્ડેશનમાં રૂ. ૨૧ લાખનું દાન આપેલું છે. ફાઉન્ડેશનની ઉચ્ચ કેળવણી - ટેકનીકલ સહાય યોજનાને ‘‘માતુશ્રી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ’’નું નામ આપી યોગદાન આપેલ હતુ. પાલીતાણા યાત્રિક ભવનમાં પણ રૂપિયા સવા આઠ લાખનું આર્થિક જળસિંચન કરેલ હતું. તેમજ યાત્રિક ભવન પરિસરમાં નિર્માણ પામેલ જિનાલયમાં પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવવાનો ઉતમ લાભ લીધેલ હતો.

શ્રી કિશોરભાઈનું સમાજ ઉપયોગી જીવન પ્રશંસનીય - અનુકરણીય રહ્યુ હતું. આવા ઉત્કૃષ્ટ પરિવારને સમાજ ઉપયોગી અનેકવિધ સત્કાર્યો કરવાની પ્રભુ શક્તિ અર્પવા સાથે સૌ પરિવોજનો સ્વસ્થ સ્વાસ્થય પામે એજ શુભકામનાઓ.


શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર
મૂર્તીપૂજક સંઘ - મુંબઈ








February 9, 2025, Sunday
SOUVENIR COMMITTEE










મૂર્તીપૂજક સંઘ - મુંબઈ










KAMAL KISHORE TATED
SHRI
SHRI



















SAMAJ RATNA




















# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઇ

## સ્નેહ મિલન - એવોર્ડ પદ પ્રદાન સમારંભ તા. ૦૯/૦૨/૨૦૨૫ રવિવાર

### પેટા કમીટીઓ

#### સ્નેહ મિલન એવોર્ડ સમારોહ આયોજન કમીટી

અરવીંદભાઇ કાંતીલાલ શાહ - કન્વીનર
બોરીવલી (વેસ્ટ)

મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
ભાયંદર (વેસ્ટ)

કિરણભાઇ કાંતીલાલ શાહ
અંધેરી (વેસ્ટ)

દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
વિલેપાર્લા (વેસ્ટ)

#### વી.વી.આઇ.પી. સ્વાગત કમીટી

મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
ભાયંદર (વેસ્ટ)

દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
વિલેપાર્લા (વેસ્ટ)

ચેતનભાઇ હસમુખલાલ શાહ
કાંદીવલી (ઈસ્ટ)

કેતનભાઇ અરવીંદભાઇ શાહ
બોરીવલી (વેસ્ટ)

#### સ્ટેજ મેનેજમેન્ટ કમીટી (મંચ વ્યવસ્થા)

કિરણભાઇ કાંતીલાલ શાહ
અંધેરી (વેસ્ટ)

શૈલેષભાઇ વીરચંદભાઇ શાહ
અંધરી (વેસ્ટ)

કુણાલભાઇ મહેન્દ્રભાઇ કામદાર
વિલેપાર્લા (વેસ્ટ)

પીયુષભાઈ કાંતિલાલ શાહ
કાંદીવલી (વેસ્ટ)

#### સ્વાગત કમીટી / મંડપ વ્યવસ્થા

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવક મંડળ
ઘાટકોપર

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ
બોરીવલી

બંકીમભાઇ કાંતીભાઇ માથુકીયા
મલાડ (વેસ્ટ)

નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
મલાડ (વેસ્ટ)

કૌશિકભાઇ અમુલખભાઇ પરીખ
બોરીવલી (ઈસ્ટ)

જતીનભાઇ પ્રવિણચંદ્ર શાહ
મુલુંડ (વેસ્ટ)

#### સ્મરણીકા / સોવેનીયર કમીટી

ઉપેન્દ્રભાઇ રસીકલાલ શાહ
કાંદીવલી (ઈસ્ટ)

ગીરીશભાઇ કાંતીલાલ શાહ
કાંદીવલી (ઈસ્ટ)

દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
વિલેપાર્લા (વેસ્ટ)

મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
ભાયંદર (વેસ્ટ)

પ્રિતેશ પુષ્પેન્દ્રભાઈ શાહ
ઘાટકોપર (ઈસ્ટ)

હાર્દિક જયેન્દ્રભાઇ કોઠારી
ભાયંદર (વેસ્ટ)

ESTD. 1911
શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
Shree Zalawad Jain S. M. P. Sangh - Mumbai

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઇ

## સ્નેહ મિલન - એવોર્ડ પદ પ્રદાન સમારંભ તા. ૦૯/૦૨/૨૦૨૫ રવિવાર

### પેટા કમીટીઓ

**પબ્લીસીટી (પ્રચાર)/ માર્કેટીંગ / સોશ્યલ મીડીયા કમીટી**

મિતેશભાઇ સુભાષભાઇ શાહ
મીરારોડ (ઈસ્ટ)

પ્રતિકભાઇ હર્ષદરાય શાહ
ભાયંદર (વેસ્ટ)

હિતેન્દ્રભાઇ હીરાલાલ ગાંધી
ગોરેગાંવ (વેસ્ટ)

**આમંત્રણ કાર્ડ - ભોજન પાસ - બેનર્સ**

દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
વિલેપાર્લા (વેસ્ટ)

મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
ભાયંદર (વેસ્ટ)

કિરણ કાંતીલાલ શાહ
અંધેરી (વેસ્ટ)

ઉપેન્દ્રભાઇ રસીકલાલ શાહ
કાંદીવલી (ઈસ્ટ)

**ક્રિએટીવ / ક્રિએશન કમીટી**

પ્રિતેશ પુષ્પેન્દ્રભાઈ શાહ
ઘાટકોપર (ઈસ્ટ)

કિરણભાઇ કાંતીલાલ શાહ
અંધેરી (વેસ્ટ)

દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
વિલેપાર્લા (વેસ્ટ)

પ્રતિકભાઇ હર્ષદરાય શાહ
ભાયંદર (વેસ્ટ)

**ડીજીટલ ઝાલાવાડ કમીટી**

નિશીતભાઇ હેમેન્દ્રભાઇ વોરા
મલાડ (વેસ્ટ)

હર્નીષભાઇ મહેન્દ્રભાઇ શાહ
ગોરેગાંવ (વેસ્ટ)

કિરણ કાંતીલાલ શાહ
અંધેરી (વેસ્ટ)

મિતેશભાઇ સુભાષભાઇ શાહ
મીરારોડ (ઈસ્ટ)

પ્રતિકભાઇ હર્ષદરાય શાહ
ભાયંદર (વેસ્ટ)

**એકાઉન્ટ અને ફાઇનાન્સ કમીટી**

ગિરીશભાઇ કાંતીલાલ શાહ
કાંદીવલી (ઈસ્ટ)

કેતનભાઇ કનૈયાલાલ શાહ
મલાડ (વેસ્ટ)

કમલેશભાઇ જયંતભાઇ શાહ
સાયન (વેસ્ટ)

**કેટરર્સ કોર્ડીનેશન કમીટી / રસોડુ, ભોજન મંડપ વ્યવસ્થા કમીટી**

વિપુલભાઇ પ્રાણલાલ બગડીયા
કાંદીવલી (ઈસ્ટ)

દિપેશભાઇ બગડીયા
કાંદીવલી (ઈસ્ટ)

જીતેન્દ્ર કીર્તીભાઇ શાહ (ટીનુ)
કાંદીવલી (ઈસ્ટ)

ધર્મેશ જયંતીલાલ શાહ (લાલુ)
કાંદીવલી (ઈસ્ટ)

મનીષ કીર્તીકુમાર શાહ
કાંદીવલી (ઈસ્ટ)

ભાવિક વીનુભાઈ શાહ
કાંદીવલી (ઈસ્ટ)

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

## પદ પ્રદાન જ્યુરી કમીટીનો આભાર સાથે ઋણ સ્વીકાર...

### જ્યુરી કમીટી



**શ્રી રસિકભાઈ નાગરદાસ કોઠારી**



**શ્રી મહેન્દ્રભાઈ રસીકલાલ કામદાર**



**શ્રી મુગટભાઈ માણેકલાલ શાહ**



**શ્રી પ્રકાશભાઈ રસિકલાલ શાહ**


જ્યુરી કમીટીના ઉપરોક્ત ચારેય માનનીય સભ્યોશ્રીઓ માટે ચોક્કસ એટલું કહી શકાય કે તેઓએ શ્રી સંઘ તેમજ સંલગ્ન સંસ્થાઓમાં ૨૫ થી ૪૫ વર્ષ સુધી અવિરત સેવાઓ સાથે આર્થિક યોગદાન આપેલ. તેઓના આટલા વર્ષોના જોડાણ અને સેવાના પરિણામે તેઓનો ખૂબજ બહોળો અનુભવ, દીર્ઘદ્રષ્ટી તેમજ કોઠાસૂઝ, કૌશલ્ય, વિશાળ અનુભવ તેમજ વિષયની ઉંડી સમજણ અને મહત્વને લક્ષમાં લઈને સમાજની વ્યક્તિ વિશેષ પ્રતિભાઓમાંથી તેમની પસંદગી શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ કાર્યવાહક કમીટીના સભ્યોએ સર્વાનુમતે જ્યુરી કમીટીની પસંદગી કરવામાં આવેલ.

જવાબદારીભર્યુ આ કાર્ય ખૂબજ કઠિન, મુશ્કેલ અને અઘરૂ હતું. દરેક પાસાઓને ધ્યાનમાં લઈને નિષ્પક્ષ નિર્ણય ઉપર આવવું ખૂબજ ડહાપણ - વિશ્લેષણ અને ચિંતન માંગી લે છે.

આ ભગીરથ કાર્યને ખૂબજ વ્યવસ્થિત રીતે તેમજ કોઈને અન્યાય ન થાય અને સર્વમાન્ય બને તેની ચોકસાઈ સાથે તેમની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી તે બદલ શ્રી સંઘના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કાર્યવાહક કમીટી સભ્યો તેમનો હૃદયપૂર્વક આભાર માને છે અને તેમના ઋણનો સ્વીકાર કરે છે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ**

## સમાજ શ્રેષ્ઠીઓનાં અભિપ્રાયો અને પ્રતિભાવ






નવો યુગ શરૂ થાય છે: સમુદાય પરિવર્તન

આપણા સમાજ નો તાજેતરનો કાર્યક્રમ એક શાનદાર સફળતા હતો, જેણે આપણા સમાજ ની સફરમાં એક મહત્વપૂર્ણ વળાંક હતો.

આ ઘટનાએ સહકાર અને સમજણનો નવો યુગ શરૂ કર્યો, જેણે પેઢીઓ વચ્ચેનું અંતર દૂર કર્યું.

વડીલો અને યુવાનોને હાથ મિલાવતા અને આનંદની ક્ષણો વહેંચતા જોવું ખરેખર હૃદયસ્પર્શી હતું.

આ થકી સમાજના વિકાસ અને સમૃદ્ધિ પ્રત્યેની મારી પ્રતિબદ્ધતા મજબૂત થઈ છે.

આ સુવર્ણ પ્રભાત એક ઉજ્જવળ ભવિષ્યનું પ્રતીક છે, અને હું આ પરિવર્તનશીલ સફરનો ભાગ બનવા માટે સન્માન અનુભવું છું.

– સમીર બાબુલાલ શાહ – કાંદીવલી (ઈસ્ટ)
જી.સી.મેમ્બર – ઝેડ.બી.એફ.



પ્રણામ,

જો માત્ર રૂપિયા ખર્ચવાથી આવા કાર્યક્રમ થઈ શકતા હોત તો કદાચ આવા પ્રસંગના સમાચાર આપણને મળતા હોત પણ ખરેખર આ કાર્યક્રમ એટલો વિશિષ્ઠ, અદ્‌ભુત બનાવવા પાછળ રૂપિયા કરતા ઘણું-ઘણું વધારે યોગદાન હોય તો તે છે. પેટા કમીટીના સભ્યોનો ઉત્સાહભર્યો સક્રિય રસ લઈને પુરૂષાર્થ જોડાયેલો છે.

પધારેલા તમામ મહેમાનો માટે, ખડેપગે વ્યવસ્થા માટે ઉભા રહેલા કાર્યકર્તાઓ, સમાજના શુભેચ્છકો તથા નામી-અનામી અનેક લોકો અને આપ સહુએ આ પ્રસંગને અદ્વિતીય મહોત્સવ બનાવવા માટે જે મહેનત કરી છે તે માટે હાર્દિક અભિનંદન..

– કે.પી. શાહ – ભાયંદર
ભૂતપૂર્વ સહતંત્રી – ઝાલાવાડ જૈન દર્શન



અતિસુંદર, અતિભવ્ય, અવિસ્મરણીય, અદ્‌ભુત અને અજોડ. જે લોકો આ પ્રસંગ માણ્યો એવા કેટલાક નસીબદાર લોકોમાં અમે પણ સામેલ હતા. આવા ભવ્યાતિભવ્ય આયોજન ફક્ત રૂપિયા વાપરવાથી ન થાય. પણ એના માટે ખૂબજ મહેનત, યોગ્ય આયોજન, ટીમવર્ક સંપ અને સંયમ, એ તમામ ગુણ હોવા જોઈએ અને એ તમારામાં છે. એ તમે સાબિત કરી બતાવ્યો.

– શ્રી નવીનભાઈ અમૃતલાલ મણીયાર-વાલકેશ્વર



આજનાં કાર્યક્રમ જોયા અને માણ્યા પછી ભવિષ્યમાં આવા પ્રસંગો કરવા જોઈએ એવા લોકોના અભિપ્રાયો સાંભળવા મળ્યા.

આ પ્રસંગની કલ્પના કરી હતી એના કરતા પણ વિશેષ હતો. આ કાર્ય ક્રમને સફળ બનાવવા દરેકને હાર્દિક અભિનંદન.

– શ્રી રાજેશ ચીનુભાઈ શાહ – વાલકેશ્વર



ખૂબજ સરસ આયોજન, આટલા સુંદર આયોજન માટે ગમે તેટલા શબ્દ લખીએ પણ શબ્દ ઓછા પડે. એટલું અતિભવ્ય અને અતિ સુંદર આયોજન હતુ. શ્રી સંઘ સંચાલકો અને આયોજન સમિતીને હાર્દિક અભિનંદન.

– શ્રી ધીરૂભાઈ રતીલાલ સંઘવી-ચુનાભઠ્ઠી
ભૂતપૂર્વ મંત્રી – ઝાલાવાડ સંઘ



ખૂબ-ખૂબ અભિનંદન અને અમને આટલા સુંદર પ્રસંગના ભાગીદાર બનાવવા બદલ ખૂબ ખૂબ આભાર. અને આવા કાર્યક્રમો શ્રી સંઘની પ્રગતિના સીમાચિહ્ન રૂપ છે.


– શ્રી અરૂણભાઈ છોટાલાલ શાહ
મંત્રી ઘાટકોપર મંડળ



ખૂબ-ખૂબ હાર્દિક અભિનંદન શ્રી સંઘ અને ઝાલાવાડ સમાજની શોભા વધે એવો ખૂબ સરસ પ્રસંગ કર્યો. આવા આયોજન બદલ દરેકને હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં આવા પ્રસંગ કરતા રહો. એજ શુભેચ્છા.

– શ્રી અનિલભાઈ વાડીલાલ ટોળીયા-
ટ્રસ્ટીશ્રી – બોરીવલી મંડળ

# દર્શકો / પ્રેક્ષકોનો પ્રતિસાદ...




સમારોહ કમીટી અને સાથીઓ, કાલના કાર્યક્રમ માં તમે છવાઈ ગયા. પ્રોગ્રામ બહુ જ સરસ રીતે ગોઠવેલ, યોગ્ય મહાનુભાવોનું બહુમાન થયું, કાર્યક્રમ માં કંટાળો ન આવ્યો, જમવાનું પણ ઉત્તમ રહયું, તમારી મહેનત રંગ લાવી. બહુ જ મજા આવી. ખૂબ ખૂબ ધન્યવાદ.

**– સતીષભાઈ પારેખ**

Thanks to Samaroh Committee n team for their dedicated hard work to make award distribution grand program n nice lunch n arrangement. The program will remember to us life time. As our is aged 80 we will see such program in short future or not. Once again thanks to all committee members n audience for Discipline.

**Subhash Sheth - Andheri West**

An sincere gratitude for the time ..efforts ..given for highlighting and acknowledging thei contribution ..and dedication for our betterment of all. Their efforts for our community embrases footprints for our future generations.

**JIGISHA DESAI - ANDHERI**

On behalf of Andheri Mahilla Mandal I Congratulate all our Sanghs members for making yesterday's event a grand success. IT WAS really awesome! Wishing Good Luck n Best Wishes.

**Ketkiben Gandhi “President - Andheri Mahila Mandal**

Very fine program. Arrangement were awesome . We enjoyed it throughout . Full credit goes to team

-

Very well organised event, many congratulations and thanks to the zalavad sponsors, organisers and committee team who had put all hard work to make it a big successful inspiring program.

**Ashish Shah - Andheri**

Excellent is the least communicative expression for today's function. “No phrase or sentences can justifiably describe the dedication and commitment for each and every detail and task carried out so beautifully and gracefully. “Kudos to one and all but special mention for Kiran Bhai, Deepak Bhai and entire Team Zalawad.

**Nilesh - Powai**



ભાઈ, ફંક્શન સુપર હતું. એક્સીલન્ટ ઓર્ગેનાઈઝેશન, મેનેજમેન્ટ, ફેસેલીટી. ટોપ ઓફ ધ લાઈન હતુ બધુ. નો કોમ્પ્રોમાઈઝ, સુપર્બ મહેનત કરેલી તમે બધાએ મળીને, કોંગ્રેચુલેશન.

**– હર્નીશ મહેન્દ્રભાઈ શાહ – ગોરેગાંવ ટ્રસ્ટી – ઝાલાવાડ ગ્લોબલ ચેરી. ટ્રસ્ટ**



આ સ્નેહમિલન, પદપ્રદાનનો પ્રસંગ માણવો એટલે જીંદગીનો લ્હાવો હતો. અને લાઈફટાઈમ યાદ રહેશે. જે પણ આ પ્રસંગમાં નહીં આવ્યા હોય એ ઘણું ચુકી ગયા. આવા સ્નેહમિલન વારંવાર થાય અને સમાજની એકતા તથા આ કાર્યક્રમની સફળતામાં આ ટીમવર્કથી સમાજના બીજા આયોજન કરી શકે એવી શુભભાવના.

**– જ્યોતી ભરતભાઈ પી. શાહ પ્રમુખપાર્લા મહિલા મંડળ**



બહુ સુપર્બ પ્રોગ્રામ થયો. નથિંગ ટૂ બી કમ્પ્લેન્ટ એબાઉટ. એવરીથીંગ વોશ જસ્ટ બેયોન્ડ ઈમેઝીનેશન.

**– જ્યોતી બાવીશી મંત્રી પાર્લા મહિલા મંડળ**



અમે પહેલા ખરેખર નહોતા આવવાના, પણ સારૂ જો ન આવ્યા હોત તો અફસોસ થાત. આવો સરસ માહોલને આટલી સરસ વ્યવસ્થા જોઈને ઘણો આનંદ થયો. પ્રથમ વખત ઝાલાવાડનો વિશિષ્ઠ પ્રસંગ માણવા મળ્યો.

**– દિનેશભાઈ ટી. શાહ (યુનીક જ્વેલર્સ)– બોરીવલી (વેસ્ટ)**




All arrangements & Management very much nice, all are happy & attented all gracefully enjoy, also superb

All programme & decoration & Bhojan arrengements well beyond think.

- Atulbhai Ramniklal Parikh

Donour Parle (W)



# સમાજ શ્રેષ્ઠીઓનાં અભિપ્રાયો અને પ્રતિભાવ



શ્રી સંઘનાં વડીલોએ તન-મન અને ધનથી સમાજસેવા સમર્પિત વિશિષ્ઠ પ્રતિભાઓને પદપ્રદાન (એવોર્ડ) આપવાની ઉચ્ચતમ પ્રણાલિકાને જાળવી રાખી તે બદલ ટ્રસ્ટીશ્રી, હોદ્દેદારો અને કમીટી સભ્યો દરેકને હાર્દિક અભિનંદન સાથે ધન્યવાદ.

